### હવે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનો વારો

# હું દર મહિને એક યુદ્ધ બંધ કરાવું છું: યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

## થાઈલેન્ડ-કંબોડિયાના નેતાઓએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

થાઈલેન્ડ અને કંબોડિયાના નેતાઓએ રવિવારે તેમની સેનાઓ વચ્ચે વિસ્તૃત યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર હતા. ટ્રમ્પે કહ્યું કે આ તેમના વહીવટીતંત્રે ફક્ત આઠ મહિનામાં સમાપ્ત કરેલા આઠ યુદ્ધોમાંથી એક હતું, એટલે કે દર મહિને સરેરાશ એક યુદ્ધ સમાપ્ત થાય છે. તેમણે કહ્યું કે ફક્ત એક જ સંઘર્ષ બાકી છે, જે તાજેતરમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ફાટી નીકળ્યો હતો. ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેઓ તેને ઝડપથી ઉકેલી લેશે. તેમણે કહ્યું કે, હું તે બંનેને ઓળખું છું. ફિલ્ડ માર્શલ અને પાકિસ્તાનના વડા પ્રધાન બંને ખૂબ સારા લોકો છે. મને ખાતરી છે કે હું આને ખૂબ જ જલ્દી ઉકેલીશ. તેમણે આગળ કહ્યું કે, મારે એવું ન કહેવું જોઈએ કે આ મારો શોખ છે, કારણ કે આ ખૂબ જ ગંભીર મામલો છે. પરંતુ પ્રમાણિકપણે, હું તેમાં સારો છું અને મને તે ગમે છે. જોકે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એ આ કરવું જોઈએ, તેઓ આમ કરતા નથી. ટ્રમ્પે યુએન પર કટાક્ષ કરતા કહ્યું કે, હું ભાષણ આપી રહ્યો હતો ત્યારે યુએન એ મારું ટેલિપ્રોમ્પ્ટર બંધ કરી દીધું. મારે તેના વગર બોલવું પડ્યું. તેઓ આમાં જ સારા છે. એસ્કેલેટર પણ યોગ્ય રીતે કામ કરી રહ્યું ન હતું, તે બંધ થઈ ગયું. પરંતુ યુએન પાસે ઘણી ક્ષમતા છે, હું ઈચ્છું છું કે તેઓ કંઈક કરે. તેઓએ આ મુદ્દા પર અમારી સાથે સહકાર ન આપ્યો. ડોનાલ્ડ ટ્રમ્પ રવિવારે (૨૬ ઓક્ટોબર) મલેશિયા પહોંચ્યા, તેમના પાંચ દિવસના એશિયા પ્રવાસની શરૂઆત કરી. ટ્રમ્પની એશિયાની આ પહેલી મુલાકાત છે અને જાન્યુઆરીમાં પદ સંભાળ્યા પછી તેમનો સૌથી લાંબો વિદેશ રોકાણ છે. ટ્રમ્પ કુઆલાલંપુરમાં શરૂ થઈ રહેલી આસિયાન સમિટમાં ભાગ લેવાના છે. આ દરમિયાન, થાઈલેન્ડ અને કંબોડિયાના નેતાઓએ ટ્રમ્પની હાજરીમાં વિસ્તૃત યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા.



થાઈ પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચે શાંતિ જાળવવા માટે ટ્રમ્પના વ્યક્તિગત સમર્પણ બદલ આભાર માન્યો અને કહ્યું કે તેઓ ટૂંક સમયમાં શસ્ત્રોનો નાશ કરવાની અને યુદ્ધ કેદીઓને મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જો આ જાહેરાત સંપૂર્ણપણે અમલમાં મૂકવામાં આવે તો તે કાયમી શાંતિનો પાયો નાખશે. મલેશિયા પછી, ટ્રમ્પ જાપાન જશે, જ્યાં તેઓ નવા ચૂંટાયેલા પ્રધાનમંત્રી સનાઓ તાકા-ઈચી સાથે મુલાકાત કરશે. ત્યારબાદ તેઓ દક્ષિણ કોરિયાના બુસાન જશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય વેપાર સમિટ પહેલા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરશે.

# ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટર્સની છેડતી કરનારા અકીલની અક્કલ ઠેકાણી આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

ઑસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટર્સ સાથે છેડતીનો કિસ્સો હવે સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બન્યો છે. શરૂઆતી તપાસમાં આરોપીને લઈને મોટો ખુલાસો થયો છે.

અકીલ ઉર્ફ નાઈટ્રા પહેલાથી ૧૦ ગંભીર ગુનામાં સંડોવાયેલો હતો. તેના વિરુદ્ધ લૂંટ, ચોરી, હત્યાનો પ્રયાસ, ડ્રગ્સ તસ્કરી અને ગેરકાયદેસર દારૂની હેરાફેરી જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલો છે. હવે પોલીસે તેને બે દિવસના રિમાન્ડ પર લીધો છે, તેની સાથે પૂછપરછ ચાલી રહી છે. આ બાજુમાં સફાઈમાં નંબર વન શહેર ઈન્દોરમાં મહિલા સુરક્ષાનો મુદ્દો સામે આવ્યો છે, મહિલાઓનું કહેવું છે કે પોલીસ અને પ્રશાસનને સુરક્ષા વધારવી જોઈએ.

જાણકારી અનુસાર, ઑસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમની બે ખેલાડી હોટલ રેડિસન બ્લૂથી ચાલતા નજીકના એક કેફેમાં જઈ રહી હતી. આ દરમિયાન બાઈક સવાર યુવકે તેમનો પીછો કર્યો, વાંધાજનક હરકત કરી અને આ ખેલાડીને ખરાબ રીતે ટચ કરવાની કોશિશ કરી.

ગભરાયેલી ખેલાડીઓ તાત્કાલિક એસઓએસ એલર્ટ અને લાઈવ લોકેશન ટીમના સુરક્ષા અધિકારી ડેની સિમન્સને મોકલી. અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા અને તરત એમઆઈજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

સૂચના મળતા જ પોલીસ હરકતમાં આવી અને થોડી જ કલાકોમાં આરોપીને પકડી લીધો. તપાસમાં સામે આવ્યું કે અકીલનો પહેલાથી ગુનાહિત રેકોર્ડ છે. પોલીસે તેના વિરુદ્ધ BNSની ધારા ૭૪ અને ૭૮ અંતર્ગત કેસ નોંધી લીધો છે. એડિશનલ ડીસીપી રાજેશ દંડોતિયાએ જણાવ્યું કે આરોપીની ધરપકડ કરી લીધી છે અને તેની સાથે ઊંડાણપૂર્વક પૂછપરછ કરી રહી છે. તેની પૃષ્ઠભૂમિની તપાસ થઈ રહી છે.

આ ખુલાસાથી ઈન્દોર પ્રશાસન અને પોલીસની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલ ઊભા કરી દીધા છે.

બીસીસીઆઈના માનદ સચિવ દેવજિત સૈકીયાએ આ ઘટનાને અત્યંત ખેદજનક ઘટના ગણાવી છે અને કહ્યું કે ભારત હંમેશા મહેમાનો પ્રત્યે આતિથ્યનો ભાવ રાખે છે. તેમણે સુરક્ષા પ્રોટોકોલની સમીક્ષા કરી અને જરૂર પડે તેને વધારે મજબૂત કરવાની વાત કહી છે.

### ભાઈજાનના એક નિવેદનથી લાગ્યા મરચા

# ભારતના પાડોશી દેશે સલમાન ખાનને કર્યો આતંકવાદી જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

બોલીવુડ અભિનેતા સલમાન ખાને તાજેતરમાં સાઉદી અરેબિયામાં એક શો દરમિયાન બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ દેશ ગણાવ્યો હતો, જેનાથી પાડોશી દેશ નારાજ થયો છે. શાહબાઝ સરકારે સલમાન ખાનને આતંકવાદી જાહેર કર્યો છે. પાકિસ્તાનના ગૃહ મંત્રાલયે આ અંગે એક સૂચના જારી કરી છે.

આ યાદી આતંકવાદ વિરોધી કાયદા હેઠળ આવે છે, અને તેમાં સામેલ કોઈપણ વ્યક્તિ કાનૂની કાર્યવાહીનો સામનો કરી શકે છે. આ સંદર્ભમાં એક સત્તાવાર સૂચના પણ જારી કરવામાં આવી છે. જોકે, આ બાબતે સલમાન ખાન કે તેમના પ્રતિનિધિઓ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. સાઉદી અરેબિયામાં આયોજિત જોય ફોરમ ૨૦૨૫ માં બોલિવૂડ અભિનેતા સલમાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં તેમણે કહ્યું હતું કે, "આ બલુચિસ્તાનના લોકો છે, અફઘાનિસ્તાનના લોકો છે, પાકિસ્તાનના લોકો છે, દરેક સાઉદી અરેબિયામાં સખત મહેનત કરી રહ્યા છે." આ નિવેદનમાં તેમણે બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ કરીને ઉલ્લેખ કર્યો છે.

સલમાનના નિવેદનથી પાકિસ્તાનમાં આક્રોશ ફેલાયો છે, જ્યારે બલુચ અલગતાવાદી નેતાઓ ખુશ થઈને સલમાનનો આભાર માની રહ્યા છે. હાલમાં તે સ્પષ્ટ નથી કે સલમાને જાણી જોઈને બલુચિસ્તાનનો ઉલ્લેખ પાકિસ્તાનથી અલગ કરીને કર્યો હતો કે અજાણતાં કર્યો હતો.

સ્વતંત્ર બલુચિસ્તાનની સ્થાપનાની માંગણી કરતા નેતા મીર યાર બલોચે કહ્યું, "ભારતીય ફિલ્મ સ્ટાર સલમાન ખાન દ્વારા સાઉદી અરેબિયામાં બલુચિસ્તાનનો ઉલ્લેખ કરવાથી ૬૦ મિલિયન બલુચિસ્તાન નાગરિકોમાં ખુશીનો માહોલ છે." તેમણે વધુમાં કહ્યું, "સલમાને એવું કંઈક કર્યું જે મોટા દેશો પણ કરવામાં અચકાય છે. સાંસ્કૃતિક માન્યતાના આ હાવભાવ સોફ્ટ ડિપ્લોમસીનું એક શક્તિશાળી સાધન છે, લોકોને જોડે છે અને વિશ્વને બલુચિસ્તાનને એક અલગ રાષ્ટ્ર તરીકે ઓળખવા માટે પ્રોત્સાહિત કરે છે." બલુચિસ્તાનમાં બળવાખોરીનું મુખ્ય કારણ પાકિસ્તાની સરકાર દ્વારા તેની વસ્તી સાથે ભેદભાવ છે. આ પ્રાંત ખનિજ સંસાધનોથી સમૃદ્ધ છે, પરંતુ આર્થિક રીતે તે પાકિસ્તાનનું સૌથી પછાત રાજ્ય છે. પાકિસ્તાને બલુચિસ્તાનમાં ગ્વાદર બંદર ચીનને સોંપી દીધું, પરંતુ આ પ્રોજેક્ટથી બલુચિસ્તાનના લોકોને કોઈ ફાયદો થયો નથી. આ જ કારણ છે કે ચીની પ્રોજેક્ટ્સ સામે સતત વિરોધ થઈ રહ્યો છે. અહીં ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરનું નિર્માણ ચાલી રહ્યું છે, જ્યાં વારંવાર હુમલાઓ થાય છે.બલુચિસ્તાન પાકિસ્તાનના આશરે ૪૬% વિસ્તારને આવરી લે છે, પરંતુ તેની વસ્તી ફક્ત ૧.૫ કરોડ છે, જે પાકિસ્તાનની કુલ વસ્તીના લગભગ ૬% છે. અહીં લગભગ ૭૦% લોકો ગરીબી રેખા નીચે જીવે છે. વધુમાં, બલુચિસ્તાન મૂળના લોકો પાકિસ્તાનમાં ભેદભાવનો સામનો કરે છે, મુખ્યત્વે પંજાબ પ્રદેશના મુસ્લિમોમાંથી. બલુચિસ્તાનના લોકોને પાકિસ્તાની સેનામાં ઉચ્ચ હોદ્દાઓ પર પણ નિયુક્ત કરવામાં આવતા નથી, જે અસંતોષને વધુ વેગ આપે છે.

# દિલ્હીમાં આઈએસનું હુમલાનું કાવતરું, બે શંકાસ્પદ આતંકવાદીઓ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસે દિવાળીની ઉજવણી વચ્ચે આતંકી સંગઠન આઈએસના મોડયુલનો પર્દાફાશ કર્યો છે અને બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. દિલ્હીના સાદિક નગર અને ભોપાલમાં ઓપરેશન દરમિયાન આ બન્ને આરોપીઓ ઝડપાયા હતા. સોશિયલ મીડિયાના માધ્યમથી આરોપીઓ ભારતીય યુવકોમાં કટ્ટરવાદ પણ ફેલાવી રહ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બન્ને આરોપીઓ આતંકી સંગઠન આઈએસઆઈએસ સાથે સંકળાયેલા છે. અને દિલ્હીમાં મોટા આતંકી હુમલાને અંજામ આપવાની ફિરાકમાં હતા. બન્ને આરોપીઓની પાસેથી ઈલેક્ટ્રોનિક ડિવાઈસ અને શંકાસ્પદ દસ્તાવેજો સહિતની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

આતંકીઓની જાળ ક્યાં સુધી ફેલાયેલી છે તેની હાલ પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. એવા પણ અહેવાલો છે કે આ બન્ને શંકાસ્પદોની પાસેથી મોટી સંખ્યામાં હથિયારો અને વિસ્ફોટક સામગ્રી પણ મળી આવી છે. એક શંકાસ્પદ આરોપીનું નામ અદનાનમ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. એક વરીષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આતંકીઓ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈના સંપર્કમાં પણ હોઈ શકે છે. ઈસ્લામિક સ્ટેટ આઈએસની મદદથી પાક.ની જાસૂસી સંસ્થા આ પ્રકારનું નેટવર્ક ઓપરેટ કરતી હોય છે.

રિપોર્ટમાં જણાવ્યા મુજબ હાલ પણ આ મામલે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આરોપીઓ સોશિયલ મીડિયા પર સક્રિય હતા, સાવત-અલ-ઉમ્માહ નામનું ઈન્સ્ટાગ્રામ ગ્રુપ બનાવ્યું હતું. જેના દ્વારા યુવકોને વધુમાં વધુ કટ્ટરવાદી બનાવવામાં આવી રહ્યા હતા. ઈન્સ્ટાગ્રામના આ ગ્રુપના તાર સીરિયા સાથે જોડાયેલા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી ઈન્સ્ટાગ્રામ ગ્રુપ જેહાદીઓનો અડ્ડો બની ગયો હતો.

# ૫ વર્ષ બાદ ભારત અને ચીન વચ્ચે ફરી ડાયરેક્ટ ફ્લાઈટ સેવા શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને ચીન વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટ્સ આજથી ફરી શરૂ થઈ રહી છે. ઈન્ડિગો ફ્લાઈટ 6E1703 ૨૬ ઓક્ટોબરના રોજ રાત્રે ૧૦ વાગ્યે કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ગુઆંગઝુ માટે રવાના થશે. દિલ્હી-ગુઆંગઝોઉ રૂટ પણ ૯ નવેમ્બરના રોજ શરૂ કરવામાં આવશે. આ પગલું બંને દેશો વચ્ચે પાંચ વર્ષ પછી એર કનેક્ટિવિટીની ઔપચારિક વાપસી દર્શાવે છે. આજ રાત્રે ઉડનારી આ ફ્લાઈટ માત્ર આકાશમાં પ્રવાસ નહીં, પરંતુ એક નવી રાજદ્વારી શરૂઆતનો પણ સંકેત આપે છે. જ્યાં ગલવાન ખીણ સંઘર્ષ પછી તણાવગ્રસ્ત સંબંધો હવે પાટા પર આવી ગયા છે. ૩૧ ઓગસ્ટના રોજ તિયાનજિનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ડાયરેક્ટ ફ્લાઈટ્સ ફરી શરૂ કરવા પર વિચારણા ચાલી રહી છે. ત્યાર બાદ ભારતે રાજદ્વારી પાનું બદલી દીધું કે હવે ચીન માટે ડાયરેક્ટ ફ્લાઈટ્સ ઉપડશે. જૂન ૨૦૨૦ માં ગલવાન ખીણમાં થયેલા અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધો ૧૯૬૨ ના યુદ્ધ પછીના સૌથી નીચા સ્તર પર આવી ગયા હતા. લશ્કરી અને રાજદ્વારી વાટાઘાટો બાદ બંને પક્ષોએ LAC પરના ઘણા વિવાદિત વિસ્તારોમાંથી સૈનિકો પાછા ખેંચી લીધા હતા. ઉલ્લેખનીય છે કે, બંને દેશો વચ્ચે નોંધપાત્ર રીતે તણાવ વધી ગયો હતો. ઓક્ટોબર ૨૦૨૩ માં અંતિમ વિવાદિત મુદ્દાઓ, ડેપસાંગ અને ડેમચોક પર એક કરાર થયો હતો. એ પછી થોડા સમય પછી કાઝાનમાં મોદી-શી વાટાઘાટોમાં સંબંધો સુધારવા માટે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી સંબંધોને સામાન્ય બનાવવાની પ્રક્રિયામાં કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા જેવા પગલાંનો સમાવેશ થાય છે. હવે, સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરવી એ આ પ્રક્રિયાનો મુખ્ય ઘટક માનવામાં આવે છે.

# ચાંદીમાં તેજીનો ફુગ્ગો ફૂટ્યો: ચાંદીમાં એક અઠવાડિયામાં ભાવ રૂ.૨૫૦૦૦ સુધી તૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા એક અઠવાડિયામાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. ચાંદીના ભાવ સતત ઓલટાઈમ હાઈ નોંધાવ્યા બાદ ગયા અઠવાડિયાથી મંદીનો સામનો કરી રહ્યા છે.

માત્ર સાત દિવસમાં ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂ. ૨૦,૦૦૦ થી વધુનો ઘટાડો થયો છે. ચાંદીના ભાવ માત્ર MCX પર જ નહીં પરંતુ સ્થાનિક બજારમાં પણ તીવ્ર ઘટાડો થયો છે. તાજેતરમાં, ચાંદી રૂ. ૧.૮૦ લાખના આંકને પાર કરી ગઈ હતી, પરંતુ હવે તે તેની ટોચથી નોંધપાત્ર રીતે રૂ. ૨૫,૦૦૦ ઘટી રૂ. ૧.૬૫ લાખ પ્રતિ કિગ્રાની સપાટીએ પહોંચી છે. ચાલો આ ઘટાડા પાછળના મુખ્ય કારણો જાણીએ.

જ્યારે સોનું સતત ઘટી રહ્યું છે, ત્યારે બીજી કિંમતી ધાતુ, ચાંદીનો ભાવ પણ ઘટી રહ્યો છે. ૧૬ ઓક્ટોબરે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીનો ભાવ રૂ. ૧,૬૭,૬૬૩ પ્રતિ કિલોગ્રામ હતો. જોકે, શુક્રવારે, MCX પર ૧ કિલો ચાંદીનો વાયદા ભાવ રૂ. ૧,૪૭,૧૫૦ થયો હતો. તે મુજબ, માત્ર સાત ટ્રેડિંગ દિવસોમાં ચાંદી રૂ. ૨૦,૫૧૩ પ્રતિ કિલોગ્રામ ઘટી છે.

ચાંદીના ભાવમાં માત્ર મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર જ નહીં પરંતુ સ્થાનિક બજારમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA.com) પર અપડેટેડ દરો પર નજર કરીએ તો, ૧૬ ઓક્ટોબરે ચાંદીનો ભાવ ૧,૬૮,૦૮૩ પ્રતિ કિલો હતો, જે અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે ઘટીને ૧,૪૭,૦૩૩ પ્રતિ કિલો થયો છે. પરિણામે, તેની કિંમત ૨૧,૦૫૦ પ્રતિ કિલો ઘટી ગઈ છે. અમદાવાદ સોની બજારમાં ચાંદી તેની રૂ. ૧.૮૦ લાખની ટોચેથી રૂ. ૨૫૦૦૦ ઘટી રૂ. ૧.૬૫ લાખ પ્રતિ કિગ્રા થઈ છે.

ચાંદીના ભાવમાં ઘટાડા માટે ફક્ત એક નહીં પરંતુ અનેક કારણો છે. પહેલું કારણ દિવાળી અને ધનતેરસના તહેવારો પછી માંગમાં ઘટાડો છે, જેના કારણે ભાવ પર દબાણ આવ્યું છે. બીજું કારણ એ છે કે રોકાણકારો દ્વારા ઓલટાઈમ હાઈથી ચાંદીમાં મોટાપાયે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું છે. ત્રીજું કારણ યુએસ ડોલરમાં મજબૂતાઈ હોવાનું માનવામાં આવે છે.

સોના અને ચાંદી બંનેનો વેપાર ડોલરમાં થાય છે. તેથી, જ્યારે યુએસ ડોલર મજબૂત થાય છે, ત્યારે અન્ય દેશોના રોકાણકારો માટે ચાંદી વધુ મોંઘી બને છે, અને તેની માંગમાં ઘટાડો થાય છે. ૨૦૧૯ થી ડોલર ઈન્ડેક્સમાં ૦.૮% નો વધારો જોવા મળ્યો છે. ભલે તે નજીવી હોય, આ રોકાણકારોની ભાવનાને અસર કરી રહ્યું છે. વધુમાં ચાંદીના ભાવમાં ઐતિહાસિક ઉછાળાના કારણે માર્કેટમાં સ્ટોકની તંગી સર્જાઈ છે.

# સિંગર ફાજિલપુરિયા ફાયરિંગનો માસ્ટરમાઈન્ડ સ્વિટ્ઝરલેન્ડથી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઝુરિચ,

હરિયાણાના જાણીતા ગાયક રાહુલ ફાજિલપુરિયા પર થયેલા ગોળીબારની ઘટનાના મુખ્ય આરોપી અને કથિત માસ્ટરમાઈન્ડ સુનિલ સરધાનિયાને સ્વિટ્ઝરલેન્ડના ઝુરિચથી ભારત લાવવામાં આવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, ઈન્ટરપોલની મદદથી સુનિલ સરધાનિયાનું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું અને હવે તેને ભારતીય પોલીસને સોંપવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

નોંધનીય છે કે, સુનિલને દિલ્હી એરપોર્ટ પરથી સીધો ગુરુગ્રામ લાવવામાં આવશે, જ્યાં પોલીસ તેની સઘન પૂછપરછ કરશે. અહેવાલો અનુસાર, સુનિલ સરધાનિયા પર માત્ર રાહુલ ફાજિલપુરિયાની કાર પર ગોળીબાર કરાવવાનો જ નહીં, પરંતુ ફાજિલપુરિયાના નજીકના મિત્ર અને પ્રોપર્ટી ડીલર રોહિત શૌકીનની હત્યા કરાવવાનો પણ આરોપ છે. ગુરુગ્રામના સેક્ટર ૭૭માં એસપીઆર રોડ પર બાઈક પર આવેલા હુમલાખોરોએ રોહિત શૌકીનની હત્યા કરી હતી. આ ઘટના બાદ સુનિલ સરધાનિયાએ સોશિયલ મીડિયા પર હત્યાની જવાબદારી સ્વીકારી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા મહિના પહેલા ગુરુગ્રામના એસપીઆર રોડ પર રાહુલ ફાજિલપુરિયાની કાર પર બે રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં તે આબાદ બચી ગયા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ સમગ્ર મામલો ગેંગ વોર અને કરોડો રૂપિયાના પ્રોપર્ટી વ્યવહારો સાથે જોડાયેલો છે. રોહિત શૌકીનના મિત્ર દીપક નંદલને પણ લોન ચૂકવવામાં નિષ્ફળ જવા બદલ મુખ્ય શંકાસ્પદ માનવામાં આવ્યો હતો, જેના કારણે બંને વચ્ચે વિવાદ થયો હતો. પોલીસે આ કેસમાં અન્ય ઘણાં શૂટરોની ધરપકડ પણ કરી હતી. સુનિલ સરધાનિયાનું ભારત પરત આવવું આ સમગ્ર ગેંગ વોર અને ફાયરિંગ કેસમાં નવા અને મોટા ઘટસ્ફોટ કરી શકે છે, જેનાથી ગુરુગ્રામ પોલીસને કેસના મૂળ સુધી પહોંચવામાં મદદ મળશે.

### ટીમ ઈન્ડિયાને જીત બાદ મોટો ઝટકો

# ઉપ-કપ્તાન શ્રેયસ ઐયર એક કેચ પકડતી વખતે ઈજાગ્રસ્ત

## ૩ અઠવાડિયા માટે ક્રિકેટથી દૂર થઈ ગયા છે : ઐયર આ મોટી શ્રેણીથી ફરીથી મેદાન પર કમબેક કરી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાને ૯ વિકેટે હરાવ્યું. આ મુકાબલા દરમિયાન જ ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો. ટીમના ઉપ-કપ્તાન શ્રેયસ ઐયર એક શાનદાર કેચ પકડતી વખતે ઈજાગ્રસ્ત થયા. જેના કારણે તેમને મેચની વચ્ચે મેદાન છોડીને બહાર જવું પડ્યું. મેચ પૂરી થયા બાદથી જ તેમની ફિટનેસ પર અપડેટ આવી રહી છે. જે મુજબ તે હવે લગભગ ૩ અઠવાડિયા માટે ક્રિકેટથી દૂર થઈ ગયા છે. ઐયર આ મોટી શ્રેણીથી ફરીથી મેદાન પર કમબેક કરી શકે છે.



ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડે મેચમાં હર્ષિત રાણાના બોલ પર વિકેટકીપર બેટ્સમેન એલેક્સ કેરીએ મોટો શોટ મારવાનો પ્રયાસ કર્યો. બોલ હવામાં ગયો ત્યારે ભારતીય ટીમના ઉપ-કપ્તાન શ્રેયસ ઐયરે ઉલ્ટા દોડીને કેચ પકડ્યો, પરંતુ આ દરમિયાન તેમને પાંસળી (rib cage) પર ઈજા થઈ.

ઈજા થયા બાદ મેચ પૂરી થવા સુધી ઐયર જોવા મળ્યા નહોતા. તેમની ફિટનેસ પર અપડેટ આપતા બીસીસીઆઈના એક અધિકારીએ પીટીઆઈને કહ્યું, શ્રેયસને મેચ દરમિયાન જ સ્કેન માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તપાસ મુજબ, તેમને આંચકો લાગ્યો છે અને તેમને ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયા સુધી મેદાનથી બહાર રહેવું પડશે. પાછા ફર્યા પછી તેમણે સેન્ટર ઓફ એક્સેલેન્સ (Center of Excellence)માં રિપોર્ટ કરવો પડશે. આગળના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે, ત્યારે જ નક્કી કરી શકાશે કે તેમને સાજા થવામાં વધુ સમય લાગશે કે નહીં. જો તેમને હેરલાઈન ફ્રેક્ચર હશે તો તેમાં વધુ સમય લાગી શકે છે. આ રિપોર્ટ્સનું માનીએ તો શ્રેયસ ઐયર ૩૦ નવેમ્બરે ફરીથી ટીમ ઈન્ડિયા માટે રમતા જોવા મળી શકે છે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે યોજાનારી શ્રેણીનો પ્રથમ મુકાબલો ૩૦ નવેમ્બરે રાંચીમાં રમાશે. ઐયર હાલમાં સારા ફોર્મમાં ચાલી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા સામેની બીજી વનડે મેચમાં તેમણે ૬૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ઐયરને હવે વાપસી માટે તેમની ફિટનેસ પર ખૂબ કામ કરવું પડશે. ઈજાના કારણે ઐયરનો લાંબો સમય બગડ્યો છે. જેના કારણે તેઓ પોતે પણ જલ્દી કમબેક કરવા ઈચ્છશે.

### ઓપરેશન ત્રિશૂળ

# સરહદ નજીક ભારતીય સેનાના સૈન્ય અભ્યાસથી પાકિસ્તાનમાં હડકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત ૩૦મી ઓક્ટોબરથી ૧૦મી નવેમ્બર સુધી તેની પશ્ચિમી સરહદ પર આર્મી, નેવી અને એરફોર્સની સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરી રહ્યું છે, જેને પગલે પાકિસ્તાનમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઓપરેશન ત્રિશૂળ નામની આ મહત્ત્વપૂર્ણ કવાયત સર ક્રીક, સિંધ અને કરાચીની ધરી પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે વિસ્તારને પાકિસ્તાનના ઊંડા દક્ષિણ તરીકે ઓળખાઈ છે. ભારતની આ આક્રમક કવાયતને કારણે ઈસ્લામાબાદને તેના દક્ષિણ કમાન્ડમાં સુરક્ષા વ્યવસ્થા અને તકેદારી વધારવાની ફરજ પડી છે. પાકિસ્તાન કવાયત પર કડક દેખરેખ રાખી રહ્યું છે.

અહેવાલો અનુસાર, ભારતીય કવાયતને ધ્યાનમાં રાખીને પાકિસ્તાની સૈન્યએ સિંધ અને પંજાબમાં આવેલા તેના દક્ષિણ કમાન્ડ માટે હાઈ એલર્ટ જાહેર કર્યું છે. કોઈપણ સંભવિત આક્રમણનો જવાબ આપવા માટે પાકિસ્તાની વાયુસેના (PAF) અને નૌકાદળને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. બહાવલપુર સ્ટ્રાઈક કોર્પ્સ અને કરાચી કોર્પ્સને વિશેષ તૈયારીઓ માટે પસંદ કરવામાં આવ્યા છે. શોરકોટ, બહાવલપુર, રહીમ યાર ખાન, જેકોબાબાદ, ભોલારી અને કરાચી જેવા વ્યૂહાત્મક એરપોર્ટને પણ સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. અરબ સાગરમાં પેટ્રોલિંગ અને નૌકાદળની પ્રવૃત્તિઓ વધારવા માટે પણ તાત્કાલિક સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. ઓપરેશન ત્રિશૂળ થાર રણ અને સર ક્રીક ક્ષેત્ર વચ્ચે યોજાશે, જેનો મુખ્ય હેતુ દક્ષિણ પ્રદેશોમાં નૌકાદળ, વાયુસેના અને સેના વચ્ચે સંકલન અને ઈન્ટિગ્રેટેડ ઓપરેશનની ક્ષમતા ચકાસવાનો છે. પાકિસ્તાની અધિકારીઓને ડર છે કે ભારતીય સેના આ કવાયતનો ઉપયોગ કરાચી સાથે જોડાયેલા દરિયાઈ ચોકપોઈન્ટ્સ અને દરિયાકાંઠાના માળખાને જોખમમાં મૂકવા માટે કરી શકે છે. પાકિસ્તાનનો લગભગ ૭૦ ટકા વેપાર કરાચી બંદર અને બિન કાસિમ પોર્ટમાંથી થાય છે, જેના કારણે આ સુવિધાઓ વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ ગણાય છે. ભારતીય કવાયતના આયોજનથી પાકિસ્તાનની સુરક્ષા ચિંતાઓ વધી ગઈ છે.

